બનાસડેરીના તત્કાલીન ચેરમેન સામે ફરીયાદ થતાં મિ.કલીન પરથીભાઈનો નકાબ હટ્યો

રૂા.૩૫.૧૪ લાખની ઉચાપતની ફરીયાદ નોંધાઈ : તપાસમાં ભ્રષ્ટાચારો ખુલ્લા પડી રહ્યા હોય હજુ વધુ ફરીયાદો થવાની શક્યતા : ૨૫ વર્ષના એક હથ્થુ શાશનમાં બનાસડેરીને પોતાની માલીકી પેઢી બનાવી-સંચાલક મંડળની ચુંટણી પૂર્વે જ ખેડુતો-પશુપાલકોએ શ્રી ભટોળથી મોં ફેરવ્યુ

પાલનપુર, તા. ૨૩

જીલ્લાના પશુપાલકો માટે જીવાદોરી સમાન અને એશિયાની નંબર-૧ ગણાતી બનાસડેરીને તત્કાલીન ચેરમેન પરથીભાઈ ભટોળે તેમના એક હથ્થુ શાશનમાં કોરી ખાધી પરથીભાઈ ભટોળ સામે કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારના આક્ષેપો થાય છે. અને તેમની સત્વતા બહાર આવી રહી છે. જો કે ડેરીમાં આવેલા વહીવટદારના શાસનમાં ચાલી રહેલી તપાસમાં પ્રથમજ સર્વિસટેક્ષની રૂા.૩૫, ૧૪, ૪૮૬/-ની અધિકારીઓ સામે મળી થયેલી ઉચાપત અને પશુપાલક સાથેની છેતરપીંડીનો પર્દાફાશ થયા બાદ પોલીસ ફરીયાદ નોંધાતા મી.કલીન ગણાતા એવા ગાંધીવાદી પરથીભાઈ ભટોળનો નકાબ હટી ગયો છે. જેથી પરથીભાઈની મીઠીવાણીથી અંજાઈ ગયેલા જીલ્લાના પશુપાલકો, ખેડુતોન ભ્રમ પણ બાગ્યો છે. જેના કારણે પશુપાલકો પણ હવે પરથીભાઈથી દુર થઈ રહ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

સ્વ.ગલબાભાઈ નાનજીભાઈ પટેલે પોતાની દિર્દદષ્ટિ વાપરી પોતાના જીલ્લાની વિધવા મહિલા પણ દાંતરડાના હાથ સાથે સ્વમાનભેર જીવી શકે તે માટે બનાસડેરીની સ્થાપના કરેલ સમયાંતરે જુદા જુદા મળેલા નેતૃત્વ અને સહકકારની ભાવના સાથે આ સહકારી સંસ્થાનો વિકાસ થયો. શિક્ષકમાંથી નિવૃતિ લઈ એલ.આઈ.સી. એજન્ટ એવા પરથીભાઈ ભટોળે બનાસડેરીનું શાશન સંભાળ્યા બાદ ડેરીની મલાઈ સ્વાદિષ્ટ લાગતા તેઓએ પોતાના સૌમ્ય સ્વભાવ, મુદુભાષી વાણીથી સહકારી ક્ષેત્રમાં ગાંધીવાદી વિચારોનું જુઠાણુ ફેલાવી પશુપાલકને ભ્રમીત કર્યા અને પશુપાલકોનું શોષણથી પશુપાલકોને તેમના જ રૂપિયા ભાવવધારા રૂપે પરત આપી ડેરીમાં પગદાંડો જમાવી દીધો. છેલ્લા ૨૫ વર્ષથી આ રીતે ચલાવી ડેરીમાં તેઅએ બારે ભ્રષ્ટાચારો આચરવા સાથે નર્યા સગાવાદ ચલાવ્યો અને ડેરીને પતાની બાપુકી જાગીર બનાવી દીધી પિતા પરથીભાઈની સાથે પૂર્વધારાસભ્ય એવા પુત્રનો પણ સહકાર મળતા ભ્રષ્ટાચારો બેફામ બન્યા જેમાં બરણી કૌભાંડ, કોમ્પ્યુટર કૌભાંડ, ચા-પાવડરની સાથે બનાસદાણ કૌભાંડ, બારદાનખરીદી કૌભાંડ સાથે ભરતી કૌભાંડ અને માન્ય બાંધકામ તેમજ ર-મટીરીટલ્સ ખરીદીમાં, ટેન્કરોના, લેબરોના કોન્ટ્રાકટમાં બારે કૌભાંડ આચર્યા. તેની સામે જસલેણીના શામળભાઈ પટેલે અવાજ ઉઠાવી ભ્રષ્ટાચારોને ખુલ્લા પાડ્યા છતાં મુદ્દભાષી એવા પરથીભાઈ ભટોળ પોતાના ઉફર થઈ રહેલા આક્ષેપને ખોટા ગણાવી સમયાંતરે નજીવો ભાવ વધારો આપી ડેરીની જુઠ્ઠી વિકાસયાત્રા જણાવી પશુપાલકોને ભરરમાવવામાં અને ગેરમાર્ગે દોરવામાં સફળ સેલ અને જીલ્લાના મોટા ભાગના પશુપાલકો પણ પરથીભાઈ બટોળને મિ.કલીન અને અન્નદાતાજ ગણતા રહ્યા.

બનાસડેરીમાં સંચાલક મંડળની મુદ્દતપૂર્ણ થયા બાદ છેલ્લા બે માસથી ડેરીમાં કસ્ટડીયન નિમાયેલ છે. અને હાઈકોર્ટના આદેશથી પરથીભાઈ ભટોળ દ્વારા આચરાયેલા ભ્રષ્ટાચારોની તપાસ ચાલી રહી છે. જેમાં તપાસ દરમિયાન લેબરકોન્ટ્રાકટરમાં સર્વિસટેક્ષની રકમ જે કોન્ટ્રાકટરને ભરવાની થતી હોવી છતાં બનાસડેરીએ પોના ફંડમાંથી ભરી રૂા.૩૫.૧૪ લાખની ઉચાપત થયાનું જણાતા તેમાંગેની પાલનપુર મીલ્ક ઓડીટ ઓફીસ્ટના ઓડીટર તેજાભાઈ રબારી દ્વારા પાલનપુર તા.પો.સ્ટે.માં ફગુરનં ૧૨૮/૧૫ ઈસીકો કલમ ૪૦૮, ૪૦૯, ૧૧૪ મુજબની ફરીયાદ તથા અને પરથીભાઈ તથા તેમના સાથી ભ્રષ્ટઅધિકારીઓ પણ ભુગર્ભમાં ઉતરી જતા પશુપાલકો પણ ચર્ચામાં પડ્યા છે. અને પરથીભાઈ ભટોળ મિ.કલીન હોયતો કેમ હવે પશુપાલકોથી મોઢુ સંતાડે છે તેને લઈ ભારે આઘાત અનુભવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા ૨૫ વર્ષથી જીલ્લાના પશુપાલકો, ખેડુતો પરથીભાઈના શાંત, સૌમ્ય સ્વભાવ અને ગાંધી વિચારો તથા મહિલા ઉત્કર્ષની વાતોથી અંજાયેલા હતા પરંતુ પોલીસ ફરીયાદ બાદ તેઓ બેનકાબ સંચાલક મંડળની ચુંટણીઓ પૂર્વેજ જીલ્લાના પશુપાલકોએ તેમનાથી મોઢુ ફેરવી લેતા પરથીભાઈ ભટોળની છાવણીમાં સોપો પડી ગયો છે.

પ્રાંતિજના મંદિરોમાં તુલસી વિવાહની ઉમંગભેર ઉજવણી

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ ખાતે આવેલ વિષ્ણુ મંદિરો સહિત મંદિરોમાં તુલસી વિવાહની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ભક્તોનું ઘોડાપુર ઉમટી પડ્યું હતું. પ્રાંતિજ ખાતે રવિવારને કારતક સુદ-અગિયારસના દિવસે વિવિધ મંદિરોમાં તુલસી વિવાહના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિજ બજારચોક વિસ્તારમાં આવેલ ભગવાન સ્વામિનારાયણ મંદિર ખાતે પણ મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા દર વર્ષની જેમ તુલસી વિવાહ કાર્યક્રમ યોજાયો હતો. જ્યારે દેસાઈની પોળમાં આવેલ મદન લાલજીના મંદિરે પણ મંદિર વ્યવસ્થા સ્થાપકો દ્વારા તુલસી વિવાહ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જ્યારે હજામચોરા પાસે આવેલ ઘનશ્યામ લાલજીના મંદિરે પણ તુલસી વિવાહનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાત્રીના આઠ કલાકે વિવિધ મંદિર પરિસદમાં તુલસી વિવાહમાં ભગવાનના લગ્નની વિધિને જોવા અને દર્શનનો લાભ લેવા ભક્તોનું ઘોડાપુર ઉમટી પડ્યું હતું.

ડીસા અને પાલનપુરમાં ૧૧ કાર્યકરો ભાજપમાંથી સસ્પેન્ડ

ડીસા, તા. ૨૩

ડીસા અને પાલનપુર નગરપાલિકાની ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારી નોંધાવનાર તેમજ અન્ય પક્ષોના ઉમેદવારોનો ચૂંટણી પ્રચાર કરનાર કાર્યકરોને ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ કેશાજી ચૌહાણે પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી સસ્પેન્ડ કર્યા છે.

ડેમાંથી ચમનાજી પુરોહીત (નગરપાલિકા સેલ કન્વીનર), ભરતભાઈ પટેલ (ઉદ્યોગ સેલ), અશોકભાઈ રૂગનાથભાઈ પઢીયાર, મધુબેન શ્રવણભાઈ કેલા, મનોજકુમાર ચંપકલાલ ઠાકોર, જીતેન્દ્રકુમાર કાંતીલાલ પાવાલા, ગૌરવકુમાર દેવજીભાઈ રાઠોડ, પ્રતિકકુમાર ત્રિભોવન પઢીયાર, પ્રણવ બાબુલાલ પઢીયાર અને પાલનપુરમાંથી ઘેમરભાઈ શામજીભાઈ ચૌધરી, જીતેન્દ્રકુમાર બળદેવભાઈ રાઠોડનો સમાવેશ થાય છે.

દિયોદરના કુચકવાડા ગામેથી યુવતિને ઉઠાવી જવાની કોશિષ

છ ઈસમો સામે ગુન્હો દાખલ : જૂની અદાવતનું વેર વાળવા અપહરણની કોશિષ કરાઈ

દિયોદર, તા. ૨૩

દિયોદર તાલુકાના કુચકવાડા ગામે ગત દિવસે સાંજે એક યુવતિને જુની અદાવતનું વેર વાળવા અપહરણની કોશિષ કરતા ચકચાર મચી જવા પામી છે. પોલીસે યુવતિની ફરિયાદ લઈ છ ઈસમો સામે ગુન્હો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી માહિતી મુજબ દિયોદર તાલુકાના કુચકવાડા ગામે ઘર આંગણે છાણા વેણતી એક યુવતિને ગત દિવસે સાંજના સમયે છ ઈસમો સ્કોર્પીયો ગાડી લઈ આવી બળજબરીપૂર્વક ઉઠાવી જવાની કોશિષ કરી હતી. જેમાં યુવતિએ બુમા-બુમ કરતા આજુબાજુમાંથી લોકો દોડી આવતા અપહરણકર્તા સ્કોર્પીયો ગાડી લઈ ફરાર થઈ ગયા હતા. જેમાં અપહરણકરોને યુવતિ ઓળખતી હોવાથી યુવતિ તેના પરિવારજનોને લઈ પોલીસ મથકે દોડી આવી હતી અને અપહરણકર્તા ઈશ્વરભાઈ રામસુંગભાઈ પટેલ, વેલાભાઈ ભેમાભાઈ પટેલ, વાલાભાઈ હરીભાઈ પટેલ, જેસુંગભાઈ સગરામભાઈ પટેલ, દિનેશભાઈ છગનભાઈ પટેલ તમામ રહે. ચમનપુરા તા. દિયોદરવાળા સામે ગુન્હો નોંધાવતા પોલીસે અપહરણકર્તા સામે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જેમાં આ અપહરણની કોશિષ જુની અદાવતના કારણે કરવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે.

શામળાજી ખાતે તુલસી વિવાહની ભવ્ય ઉજવણી

હેલીકોપ્ટરથી પુષ્પવર્ષા : સોનાની પાદુકા અર્પણ

મોડાસા, તા. ૨૩

શામળાજીના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીના વિષ્ણુમંદિર ખાતે કાળીયા ઠાકોરના સાનિધ્યમાં કારતક સુદ અગિયારસને રવિવારના રોજ ભવ્યાતિભવ્ય તુલસી વિવાહનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં હેલિકોપ્ટરથી પુષ્પવર્ષા કરાઈ હતી. જેમાં શામળીયા શેઠના મંદિરના શિખર પર હેલીકોપ્ટરથી કરવામાં આવેલી પુષ્પવર્ષાથી ઉપસ્થિત શ્રદ્ધાળુઓ ભાવવિભોર બન્યા હતા. શામળાજી સહિત અરવલ્લી-સાબરકાંઠાના વિવિધ સ્થળો અને મંદિરોમાં રવિવારે તુલસી વિવાહનો ઉત્સવ મનાવવામાં આવ્યો હતો.

અરવલ્લીના શામળાજીમાં કાળિયા ઠાકોરના સાનિધ્યમાં રવિવારે તુલસી વિવાહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હેલિકોપ્ટરથી મંદિરના પરિષરમાં ગુલાબ, ચમેલી અને મોગરાના ફૂલોથી પુષ્પવર્ષા કરાઈ હતી અને એક ભક્ત દ્વારા કાળિયા ઠાકોરને સોના-ચાંદીમાંથી બનાવાયેલી પાદુકાઓ પણ અર્પણ કરાઈ હતી. જેમાં ૧૧૧ ગ્રામ સોનુ, ૧૪૧ ગ્રામ ચાંદી દ્વારા પાદુકોણ બનાવવામાં આવી હતી. તુલસી વિવાહ લગ્નોત્સવમાં ૧૦૦૦ કિલો ફૂલો ઉપયોગમાં લેવાયા હતા. વરઘોડામાં ૧૧ બગી, ૨ હાથી, ૨૦૦ બહેનો માથે કળશ લઈ, ૫૧ બેડાના કચ્છી નૃત્ય, ૩૦ ભજન મંડળીઓ દ્વારા શામળાજીના મુખ્યમાર્ગોપર વરઘોડો નીકાળવામાં આવ્યો હતો. વરઘોડો ભવાનપુરથી બપોરે ૩ વાગ્યાથી નીકળી દોઢ કિલોમીટર ચાલી મંદિરના પરિસરમાં પહોંચ્યો હતો. આ તુલસી વિવાહમાં અરવલ્લી જિલ્લા અને સમગ્ર ગુજરાત રાજ્યમાંથી અને રાજસ્થાનમાંથી હજ્જારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. અને દર્શનનો લાભ લીધો હતો.

શામળાજી મંદિર ટ્રસ્ટ અને કનૈયાલાલ લાલજીભાઈની પ્રેરણાથી કન્યાપક્ષે નિતીનભાઈ હિરાલાલ જરીવાલા, રવિભાઈ જરીવાલા તેમજ વર પક્ષે મનોજભાઈ, નટુભાઈ ચૌહાણ તેમજ વરઘોડાના યજમાન મનોજભાઈ જયંતિભાઈ પટેલ દ્વારા ભવ્યાતિભવ્ય તુલસી વિવાહના ઉત્સવનું આયોજન કરાયું હતું. શામળાજી વિષ્ણુ મંદિર પરિસર અને મુખ્યમાર્ગો ભક્તોથી ઉભરાયા હતા. શામળીયા દેવ અને કાળીયા ઠાકોર ભગવાનના મંદિરની કરાયેલી રોશનીથી જિલ્લાના પ્રજાજનો રાત્રીના સમયે ઝળહળતા મંદિર અને મંદિર પરિષરને જોવા તુલસી વિવાહની અગાઉની રાત્રી શનિવારે ઉમટી પડ્યા હતા.

મોડાસા નગરપાલિકાની ગટર યોજના મોતનો કૂવો

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં નગરપાલિકા દ્વારા નવિન ભુગર્ભ ગટર યોજના

અંતર્ગત મોડાસાના હાર્દશમા ચાર રસ્તાથી મેઘરજ રોડ પર આવેલા ઉમીયા ચોક સુધી નગરપાલિકાની યોજાનારી ચૂંટણીઓના ૪૫ દિવસથી વધુ સમય પહેલા બનાવેલી અને યુદ્ધના ધોરણે ગટર યોજનાનું કામકાજ પૂર્ણ કરી દેવામાં આવ્યું હતું. ૧ મહિના પહેલા ભુગર્ભ ગટર યોજનાનું કામકાજ કરતા કોન્ટ્રાક્ટર દ્વારા સેફટી ટેંકના ઢાંકળ ખુલ્લા રાખી દેવાતા મેઘરજ રોડ પરથી પસાર થતા શહેરીજનો ભગવાન ભરોસે પસાર થઈ રહ્યા છે. જાનહાનિ થવાનો ભય સેવાઈ રહ્યો છે. મેઘરજ રોડ પરના રહીશોના દ્વારા સેફટી ટેંકના ઢાંકણો તાબડતોડ લગાવવા ઉગ્ર માંગ કરી રહ્યા છે અને મોટી દૂર્ઘટના થવાની ભીતી સેવાઈ રહી છે.

મોડાસા શહેરમાં મોડાસા નગરપાલિકા દ્વારા ચાર રસ્તાથી મેઘરજ રોડ પર આવેલા ઉણીયાચોક વિસ્તાર સુધી વરસાદી પાણીના નિકાલ માટે બે મહિના અગાઉ નવિન ગટર યોજના અંતર્ગત નગરપાલિકા દ્વારા ગટર યોજનાનું નિર્માણ કરી ગટર બનાવવામાં આવી હતી. નગરપાલિકા દ્વારા ભુગર્ભ ગટર યોજનાના અપાયેલા કોન્ટ્રાક્ટર દ્વારા ચૂંટણીઓ પહેલા તાબડતોડ ગટર યોજનાનું કામકાજ પૂર્ણ કરી દેવામાં આવ્યું હતું. ગટરયોજના પૂર્ણ કરવાની ઉતાવળ કે બીલના અભાવથી કોન્ટ્રાક્ટર દ્વારા ગટર પર બનાવેલી સેફટી ટેંકના ઢાંકણો બંધ કરવાની તસ્દી ન લેતા ખુલ્લા રાખી દેવામાં આવતા પ્રજાજનોમાં ભય ફેલાયો છે. સેફટી ટેંકના ઢાંકણો ખુલ્લા રખાતા અને પાછલા એક મહિનાથી કોન્ટ્રાક્ટર કે નગરપાલિકા વહીવટીતંત્રએ સેફટી ટેંકના ઢાંકણ ઢાંકવાની તસ્દી ન લેતાં મેઘરજ રોડ પર રહેતા નગરજનોમાં રોષ ફેલાયો છે. મેઘરજ રોડ પર રહેતા યુવા અગ્રણીના જણાવ્યા મુજબ સેફટીટેંકના ઢાંકણ ખુલ્લા રહેતા ગટરમાં ભૂંડ-કૂતરા જેવા પ્રાણીઓ ગટરમાં ખાબક્યાની ઘટનાઓ પાછલા એક સપ્તાહમાં ત્રણ વાર બની છે. ત્યારે કોઈના વ્હાલસોયા બાળકનો ભોગ લેવાય તેની નગરપાલિકા તંત્ર કે કોન્ટ્રાક્ટર દ્વારા રાહ જોવાઈ રહી છે કે શું ? તેમજ મોટી દુર્ઘટના ઘટવાની શક્યતાઓના પગલે નગરજનોમાં રોષ ફેલાયો છે.

મેમદપુરમાં ગટરનું ગંદુ પાણી જાહેર રસ્તા પર રેલાતા સ્થાનિક રહીશો તેમજ રાહદારીઓ પરેશાન

પાલનપુર, તા. ૨૩

વડગામ તાલુકાના મેમદપુર ગામમાં સેનમાવાસ પાસે ગટરનો શૌચકૂવો ભરાય જતાં છેલ્લા એક વર્ષ ઉપરાંતના સમયથી આ ગટરનું દુર્ગંધ મારતુ ગંદુ પાણી જાહેર રોડ પર રેલાય છે. ગંદાપાણીના ખાબોચીયા રોડ પર ભરાય રહેતા રોડ પણ તુટી જવા પામ્યો છે.

ગટરનું ગંદુ પાણી માથુ ફાટી જાય તેવી દુર્ગંધ મારતુ હોવાથી આ વિસ્તારમાં રહેતા લોકોની સાથે સાથે રસ્તા પરથી ચાલતા વાહનચાલકો તેમજ રાહદારીઓને પણ મુશ્કેલ બની રહ્યું છે.

મેમદપુર ગામમાં પેપોળ જવાના માર્ગ પર આવેલ સેનમાવાસ, વાલ્મીકીવાસ, વણકરવાસ તેમજ ભાટીયા (ચમાર)વાસના મહોલ્લાના નાકા પર જ પંચાયત દ્વારા ગટરનો સૌચકૂવો બનાવીને ગટર અધુરી છોડી દેતાં આ વિસ્તારમાં રહેતા રહેણાંકના લોકોનું ગટરનું પાણી શૌચકૂવામાંથી ઉભરાયને બહાર જાહેર રસ્તા પર વહી રહ્યું છે. ગટરનું ગંદુ પાણી બહાર રેલાતુ પાણી માથુ ફાટી જાય તેવી દુર્ગંધ મારતું હોવાથી રસ્તા પરથી પસાર થતા વાહનચાલકો તેમજ રાહદારીઓને મોંઢા આગળ રૂમાલ કે ડૂચો રાખીને ચાલવુ પડે છે. જો રાહદારીઓને ચાલવામાં મુશ્કેલ બની રહેતુ હોય તો આ વિસ્તારમાં રહેતા સ્થાનિક લોકોની સ્થિતિ કેવી હશે તે તો વિચારવું જ રહ્યુ. સ્થાનિક રહીશો દ્વારા અવારનવાર પંચાયતને રજુઆત કરવા છતાં પંચાયતના સત્તાધીશો દ્વારા કોઈજ કાર્યવાહી કરાતી નથી. જેના કારણે આ વિસ્તારમાં રહેતા સ્થાનિક લોકોને આરોગ્ય બાબતે પણ ખતરો ઉભો થઈ રહ્યો છે. ત્યારે જવાબદાર તાલુકા તેમજ જિલ્લા લોકોની કાયમી ગટરની સમસ્યા હલ કરે તે ઈચ્છનીય બાબત છે.

પ્રાંતિજમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલની ચૂંટણી પ્રચારસભા

મુખ્યમંત્રી આનંદીબેને કમળને જીતાડવા ભાઈઓ પાસે ભાઈબીજની ભેટ માંગી : ભાજપ કાર્યકરોએ બાઈક રેલી સાથે મુખ્યમંત્રીનું સ્વાગત કર્યું : ભાજપ કાર્યકરો સહિત મોટી સંખ્યામાં જનમેદની ઉમટી પડી : ઓરણ ગામમાંથી ૧૫૦ કાર્યકરો ભાજપમાં જોડાયા

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ચૂંટણીલક્ષી જાહેરસભા યોજાઈ હતી. જેમાં ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ઉપસ્થિત રહી જાહેરસભા સંબોધી હતી.

પ્રાંતિજ ખાતે આવેલ શેઠ પી.એન્ડ.આર. હાઈસ્કૂલના વિશાળ મેદાનમાં સોમવારના રોજ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે પ્રાંતિજ-તલોદ તાલુકામાં યોજાનાર જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની યોજાનાર ચૂંટણીને લઈ જાહેરસભા સંબોધિત કરી હતી. જેમાં મોટી સંખ્યામાં જનમેદની ઉમટી પડી હતી. જ્યારે ખુરશીઓ પણ ઓછી પડી હતી. ઓરાણ ગામના દોડસો જેટલા કોંગ્રેસના કાર્યકરોએ કેસરીઓ ખેસ ધારણ કર્યો હતો. જ્યારે મુખ્યમંત્રી આનંદીબેન પટેલે સરકારની ૧૦૮ની સેવાથી સરકાર દ્વારા હાલમાં ચાલતી સેવાઓ તથા શૌચાલયો અને સરકારની યોજના વિષેનું ઉદાહરણ દ્વારા સમજ પાડી હતી. જ્યારે ભાઈબીજની ભેટ લેવા આવી છુ અને મારા ભાઈઓ પાસે ભેટમાં માત્ર કમળનું બટન માંગવા આવી છુ. જ્યારે આ પ્રસંગે સાબરકાંઠા સાંસદ દિપસિંહ રાઠોડ, પૂર્વમંત્રી જયસિંહ ચૌહાણ વગેરે ભાજપના કાર્યકરો તથા ઉમેદવારો સહિત મોટી સંખ્યામાં જનમેદની ઉમટી પડી હતી.

પાલનપુરમાં વોર્ડ નં. ૬માં ચૂંટણી કાર્યાલય ખુલ્લુ મુકાયુ

પાલનપુર, તા. ૨૩

આગામી ૨૯મી નવેમ્બરે યોજાનારી પાલનપુર નગરપાલિકાની ચૂંટણી નજીક આવતા શહેરમાં વાતાવરણ ગરમાયું છે. ત્યારે ગતરોજ વોર્ડ નં. ૬ના ભારતીય જનતા પાર્ટીના કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે વિશાળ સંખ્યામાં માનવ મહેરામણ ઉમટ્યું હતું.

દિયોદરના ધારાસભ્ય અને ભાજપના જિલ્લા પ્રમુખશ્રી કેશાજી ચૌહાણે કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે જણાવ્યું હતું કે આજે ઉમટેલી વિશાળ જનમેદની જ બતાવે છે કે આગામી ચૂંટણીમાં ભાજપની જીત નક્કી છે. તેમણે ઉમેર્યું હતું કે આ વિસ્તારના લોકપ્રિય ઉમેદવારો કે જેમણે ગત ટર્મમાં પણ સુંદર કામ કર્યું હતું. તેમને પાર્ટીએ રીપીટ કરીને પુનઃ આ વિસ્તારની સેવા કરવાનો મોકો આપ્યો છે. તેમણે જણાવ્યું હતું કે દેશમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળ અને રાજ્યમાં શ્રીમતી આનંદીબેન પટેલના વડપણ હેઠળના શાસનથી દેશ અને રાજ્યની કાયાપલટ થઈ રહી છે ત્યારે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકામાં પણ ભારતીય જનતા પાર્ટીનું શાસન સ્થપાતા 'પંચાયતથી પાર્લામેન્ટ' સુધી ભાજપનું શાસન સ્થાપવા સૌને હાંકલ કરી હતી. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કરતાં તેમણે જણાવ્યું હતું કે પાલનપુર શહેરનો અમૃતસીટીમાં સમાવેશ કરીને આ શહેરને વિકાસના માર્ગે લઈ જવાનો માર્ગ મોકલો કર્યો છે.

પાલનપુર શહેર ભાજપના પ્રમુખ અનીકેત ઠાકરે સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે વોર્ડ ઈન્ચાર્જશ્રી કનક પંડ્યાએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન યુવા મોરચાના ઉપપ્રમુખ કૃણાલ ભટ્ટે કર્યું હતું.

આ પ્રસંગે વશાળ સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.